# અરવલ્લી : માઝુમ કેનાલ લીકેજ થતા ખેડૂત પર આભ તૂટ્યું

## ઘઉંના પાકનો સોથ વળ્યો, સિંચાઈ વિભાગની લાલીયાવાડી





મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં સિંચાઈ યોજના અંતર્ગત ડેમ માંથી પાણી વિવિધ કેનાલ મારફતે ખેડૂતોને પૂરું પાડવામાં આવે છે જીલ્લામાંથી પસાર થતી કેનાલ ના નિર્માણ, સમારકામ અને સાફ સફાઈ માટે વર્ષે દહાડે લાખ્ખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટનો ધુમાડો કરવા છતાં કેનાલમાં ભંગાણ સર્જાતા લાખ્ખો લીટર પાણી વેડફાટ સાથે ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતો નો ખેતરમાં ઉભો પાક નષ્ટ થઈ જતા અનેકવાર મુશ્કેલીમાં મુકવાનો વારો આવ્યો છે સિંચાઈનું સમારકામ કરતા કોન્ટ્રાકટર અને અધિકારીઓની મીલીભગતથી સિંચાઈ વિભાગમાં દર વર્ષે કરોડો રૂપિયાનું કૌભાંડ આચારવમાં આવતું હોવાની લોક ચર્ચાએ ચકચાર મચાવી છે.

કુદરતી આફતની થપાટ માંથી અરવલ્લી જીલ્લાના ખેડૂતોને હામ વળી નથી ત્યારે માનવસર્જિત આફતથી ખેડૂતોની હાલત દયનિય બની છે કોલીખડ-ગારૂડી રોડ પર આવેલી માઝુમ કેનાલ બંને બાજુથી લીકેજ થતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થવાની સાથે કેનાલની બાજુમાં આવેલ એક ગરીબ ખેડૂતના ખેતરમાં પાણી ફરી વળતા ખેતરમાં વાવણી કરેલ ઘઉંના પાકનો સોથ વળી જતા ગરીબ ખેડૂત પર આભ તૂટી પડ્યું છે ખેડૂતે તેની ખેતી નિષ્ફળ જતા સિંચાઈ વિભાગ દ્વારા સહાય ચુકવવામાં આવેની માંગ કરી હતી

# પાલનપુરમાં ગોકળગાય ગતિએ ચાલતી ભૂગર્ભ ગટરની કામગીરીના કારણે લોકોને હાલાકી

### ભૂગર્ભ ગટરની કામગીરીના કોન્ટ્રાક્ટરની લાલીયાવાડીના કારણે મીરા ગેટ પાસે પાણીની પાઇપલાઇનમાં ભંગાણ થતાં તાજેતરમાં બનાવેલો સીસી રોડ તોડવો પડ્યો

પાલનપુર તા. ૨૨

પાલનપુર ખાતે ભૂગર્ભ ગટરના ખોદકામથી લોકો ખૂબ કંટાળ્યા છે. પાલનપુર નગરપાલિકા ના બાંધ કામ ના બાંધકામ ઈજનેર અર્ચિત પટેલના કહેવા મુજબ, ભૂગર્ભ ગટરની કામગીરી સાથે પાલિકાને કોઈ લેવા દેવા ન હોય તો નગરપાલિકાના કામદારો દ્વારા લીકેજનું સમારકામ ક્યાં આધારે કરાવાયું? : એ તપાસનો વિષય પાલનપુરમાં છેલ્લા બે વર્ષથી ગોકળગાય ગતિએ ચાલી રહેલી ભૂગર્ભ ગટરની કામગીરીના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂગર્ભ ગટરની આ કામગીરી દરમિયાન ભ્રષ્ટ અને અણઘડ કોન્ટ્રાક્ટરે પાલનપુર નગરપાલિકાએ બનાવેલ પાલનપુર નગરપાલિકાની માલિકીના રોડ-રસ્તા આડેધડ રીતે તોડીને રમણ ભમણ કરી નાખ્યાં હોવા છતાં ભ્રષ્ટાચારી બાંધકામ એન્જિનિયર અર્ચિત પટેલ અને પૂર્વ ભ્રષ્ટ ચીફ ઓફિસર સતીષ પટેલ એક જ વાતનું ગાણું ગાતા આવ્યાં હતાં કે, ભૂગર્ભ ગટરની આ કામગીરી સાથે નગરપાલિકાને કોઈ લેવાદેવા નથી. ભૂગર્ભ ગટરની કામગીરીના લાપરવાહ અને બેજવાબદાર કોન્ટ્રાક્ટર દ્વારા પાલનપુરના મોટાભાગના વિસ્તારોમાં રોડ-રસ્તા તોડી નાખવામાં આવ્યા બાદ હજુ સુધી ઘણા વિસ્તારોમાં તૂટેલા રોડ-રસ્તાઓનું સમારકામ પણ કરાવેલ નથી. તેમ છતાં નગરપાલિકા તંત્ર દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરીના ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટર સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી અને ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ ઘડી સરકારી નિગમ જી.યુ.ડી.સી.ને બ્લેકલિસ્ટ કરવાનો ઠરાવ કરવા ખાતર કરીને ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરની ગેરરીતિ, લાલીયાવાડી અને ભ્રષ્ટાચારને છાવરવાનું કામ કરવામાં આવ્યું છે. નગરપાલિકાના ભ્રષ્ટાચારી શાસકો અને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરીના અણઘડ અને ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરને શા માટે છુટ્ટો દોર આપવામાં આવ્યો છે? એ સમજી શકાય તેમ છે. પરંતુ આ મામલે વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા અને સભ્યો શા માટે કોઈ નક્કર કાર્યવાહી કરતા નથી? અને મૌન ધારણ કરીને પ્રજાજનોને હેરાન થતા જોઈ રહ્યાં છે એ લોકોને સમજાતું નથી. આ કોન્ટ્રાક્ટરે મીરા ગેટ ચાર રસ્તા ઉપર ભૂગર્ભ ગટરની કામગીરી કરીને કામ આટોપી લીધું હતું. પરંતુ અગમ્ય કારણોસર મીરા ગેટ બહાર ચાર રસ્તા પાસે ત્રણ ચાર દિવસથી ફરી કામગીરી શરૂ કરેલ છે. જે બાબતે લોકોમાં અનેક તર્ક વિતર્કો થઈ રહ્યાં છે. હાલમાં ફરીથી ચાર રસ્તાની વચ્ચોવચ ઊંડો ખાડો ખોદીને કામ કરવામાં આવી રહ્યું છે ત્યારે લોકો સવાલ ઉઠાવી રહ્યાં છે કે, કોન્ટ્રાક્ટરે એવો તે કેવો લોચો માર્યો કે એક વખત કામ થઈ ગયાં પછી ફરીથી ઊંડો ખાડો ખોદવાનો વારો આવ્યો? મીરા ગેટ બહાર ફરીથી શરૂ થયેલી કામગીરીને કારણે રાહદારીઓ, વાહનચાલકો અને શાળાએ જતા આવતાં ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન આ કોન્ટ્રાક્ટરે ભારે લાલિયાવાડી ચલાવી હોઈ નગરપાલિકાની માલિકીની પાણીની પાઈપલાઈનોમાં ઠેર ઠેર ભંગાણ થયેલું છે. જેના કારણે રોડ ઉપર પાણીનું વહેણ વહે છે અને લોકો હેરાન થાય છે. દરમિયાન મીરા ગેટ પાસે જ તારીખ ૧૯ જાન્યુઆરીના રોજ પાણીની પાઈપલાઈનમાં ફરી ભંગાણ થતાં તાજેતરમાં જ બનાવેલો સીસી રોડનો શરૂઆતનો કેટલોક ભાગ તૂટી જવા પામ્યો છે. અધૂરામાં પૂરું નગરપાલિકાના પાણી પુરવઠા શાખાના કામદારોએ આ લીકેજનું સમારકામ કરવા માટે એ જ દિવસે બુધવારે સાંજે મીરા ગેટથી સોનબાગ તરફ જતાં સીસી રોડનો આગળનો ભાગ તોડીને સમારકામ કર્યું હતું. ભ્રષ્ટ બાંધકામ એન્જિનિયર અર્ચિત પટેલના કહેવા મુજબ, જો ભૂગર્ભ ગટરની કામગીરી સાથે નગરપાલિકાને કોઈ લેવાદેવા ન હોય તો એના કોન્ટ્રાક્ટરના લાપરવાહી, બેજવાબદારી અને ગેરરીતિના કારણે નગરપાલિકાની પાણીની પાઈપલાઈનમાં થયેલ લીકેજનું સમારકામ નગરપાલિકાના કામદારો દ્વારા શા માટે અને કોના હુકમથી કરવામાં આવ્યું? એ બાબતે ભ્રષ્ટ બાંધકામ એન્જિનિયર અર્ચિત પટેલ, પાણી પુરવઠા શાખાના બેજવાબદાર સુપરવાઇઝર તેમજ પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર અને સત્તાધીશો પ્રજાજનો સમક્ષ જાહેર ખુલાસો કરે તે જાહેર જનહિતમાં જરૂરી છે અને લોકોને હેરાન કરવા બદલ ભૂગર્ભ ગટરની કામગીરીના કોન્ટ્રાક્ટર સમક્ષ કડક અને દાખલારૂપ કાર્યવાહી હાથ ધરી લોકોને કોન્ટ્રાક્ટરના ત્રાસમાંથી છુટકારો અપાવવા કોન્ટ્રાક્ટરને નોટિસ આપી એની પાસે એણે તોડેલા રોડ-રસ્તાનું નવીનીકરણ કરાવે અને ભૂગર્ભ ગટરની કામગીરી ઝડપથી પૂર્ણ કરાવે એ સમયની માંગ છે.





# ડીસામાં ત્રણ તાલુકાના ખેડૂતોનું નાયબ કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન

### વીજ લાઇન નાંખવાની કામગિરીમાં યોગ્ય વળતરની માંગ: વળતર નહી મળે તો કામગીરી અટકાવી દેવાની ચીમકી



ડીસા, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ, દિયોદર તેમજ ભાભર એમ ત્રણ તાલુકામાંથી અદાણી ગ્રૂપ સંકલિત ટ્રાન્સકો પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા ખેડૂતોને પૂરેપૂરું વળતર ન ચૂકવી ખેડૂતોના ખેતરોના ઉભા પાકમાં હેવી વીજ લાઈન નાંખવાની કામગીરી ચાલુ કરાતા ખેડૂતો રોષે ભરાયા હતા અને રોષે ભરાયેલા ખેડૂતો ડીસા નાયબ કલેકટર કચેરી આગળ ધરણા પર બેસી પૂરેપૂરું વળતર મળે તેવી માંગ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કાંકરેજ, દિયોદર તેમજ ભાભરના ખેડૂતો ડીસાની નાયબ કલેકટર કચેરી પહોંચ્યા હતા. જ્યાં ખેડૂતોએ સૂત્રોચ્ચાર કરી પોતાની જમીનમાંથી પસાર થતી હેવી વીજ લાઈન માટે પુરા વળતરની માંગ કરી હતી. ખેડૂતોની માંગ છે કે અદાણી ગ્રૂપ સંકલિત ટ્રાન્સકો પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા તેમના ખેતરોના ઉભા પાકમાં હેવી વીજ લાઈન નાંખવાની કામગીરી ચાલુ છે. જે અંતર્ગત તેમણે સરકારના માર્ગદર્શિકા મુજબ ૧૫ ટકા વળતર મેળવવા માટે સરકારની જોગવાઈ હોવા છતાં કંપની દ્વારા માત્ર ન કહી શકાય તેવું વળતર આપી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેને લઈને ખેડૂતોમાં આક્રોશ છે.જેથી આજે ખેડૂતો ડીસા નાયબ કલેકટર કચેરી ધરણા પર બેસી નાયબ કલેકટર ને આવેદનપત્ર પાઠવી ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી ટ્રાન્સકો કંપની દ્વારા પૂરેપૂરું વળતર ચૂકવવામાં નહિં આવે ત્યાં સુધી કંપનીના હેવી વીજ લાઈન કામગીરીને અટકાવવામાં આવશે.

# ડીસાના સિંધી કોલોની વિસ્તારમાંથી સ્કોર્પિયો ગાડીની ઉઠાંતરી...!!

### વાહન ચોર ટોળકીના તરખાટથી વાહન માલિકોમાં ફફડાટ

ડીસા, તા. ૨૨

ડીસાના ભરચક એવા સિંધી કોલોની વિસ્તારના મન્દિર ચોકમાં પાર્ક કરેલ સ્કોર્પિયો જીપની ચોરી થવા પામી છે જે બાબતે જીપ માલિકે ડીસા દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ડીસામાં છેલ્લા એકાદ માસથી વાહનચોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે ડીસામાં બાઈક ,કાર સહિત ડાલા જીપની ચોરીની ઘટનાઓ પણ વધવા પામી છે ત્યારે ડીસામાં સિંધી કોલોની વિસ્તારમાં રહેતા અર્જુનભાઈ ઈશ્વરલાલ મહેશ્વરી ડીસામાં ફુવારા નજીક ગણેશ મસાલા નામની દુકાન ચલાવે છે જેઓ એ ગત તારીખ ૩/૧/૨૨ ના રોજ પોતાની માલિકીની સ્કોર્પિયો જીપ (નમ્બર જીજે ૧૮ બીડી ૮૮૮૮) સિંધી કોલોની વિસ્તારમાં આવેલ અંબાજી મન્દિર આગળ ચોકમાં પાર્ક કરી હતી.બીજા દિવસે બપોરના સુમારે સ્કોર્પિયો જીપ લેવા ગયેલા ત્યારે જીપ ત્યાં જોવા મળી ના હતી અને આસપાસમાં પણ તપાસ બાદ સ્કોર્પિયો જીપ મળી ના આવતા તેની ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું.જોકે દિવાળીના તહેવારો હોઈ અર્જુનભાઈ પોતાના વતન ચાલ્યા ગયેલા અને ત્યારબાદ આ સ્કોર્પિયો જીપની ચોરી બાબતે ડીસા દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### વાહન ચોર ટોળકી સક્રીય...

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસામાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોર ટોળકી સક્રિય બની છે. તેથી વાહન ચોરીના બનાવો રોજીંદા બની ગયા છે. જેમાં રાજસ્થાનની પરપ્રાંતિય ટોળકી દાવ અજમાવતી હોવાનું જાણવા મળે છે ત્યારે પોલીસ આ દિશામાં આગળ તપાસ હાથ ધરે તેમ વાહન માલિકોએ જણાવ્યું હતુ.

# વ્યારા પીએસઆઈ યુવતીના પ્રેમમાં પાગલ થતાં સુખી લગ્ન સંસારમાં પલીતો ચોપાયો

## પત્નીએ કરી પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૨૨

વાપી જીલ્લામાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા સમીર પરમારને એક યુવતી સાથે આડા સંબંધો બંધાયા પછી તેમના લગ્નજીવનમાં ભંગાણ સર્જાયું છે પીએસઆઈ સમીર પરમાર યુવતીના પ્રેમમાં અંધ બન્યો હોય તેમ તેની પત્ની સાથે મારઝૂડ કરતા તેમજ પીએસઆઈને તેના પરિવારે રોકટોક કરવાને બદલે સમર્થન કરતા પીએસઆઈ સમીર બેફામ બની તેની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપતા આખરે પીએસઆઈની પત્નીએ મોડાસા મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા મહિલા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મોડાસા તાલુકાના કુડોલ ગામના શર્મિષ્ઠાબેનના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ સાબરકાંઠાના હિંમતનગરના બામણા-પુનાસણ ગામના સમીરભાઈ છગનભાઈ પરમાર સાથે થતાં બે પુત્રોનો જન્મ થયો હતો લગ્નના થોડા સમય પછી સમીર પરમાર પીએસઆઈ તરીકે પાસ થતા વ્યારા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા પીએસઆઈ બન્યા પછી સમીર પરમાર દારૂની લતે ચઢી જવાની સાથે મારઝૂડ ચાલુ કરી દીધી હતી અને પત્નીને હું કહું તેમજ તારે કરવાનું નહિ કરે તો બીજા લગ્ન કરી લેવાની ધમકી આપતો રહેતો હતો તેમ છતાં મહિલા તેના બે પુત્રોના ભવિષ્યને લઈને મુંગા મોઢે બધું સહન કરતી હતી

વ્યારા પીએસઆઈ સમીર પરમાર કોઈ યુવતી સાથે ભાગી ગયો હોવાના મેસેજ ૫ વર્ષ અગાઉ સોશ્યલ મીડિયામાં વાયરલ થતા તેમની પત્ની ચોંકી ઉઠ્યા હતા અને આ અંગે સમીર પરમારને પુછતા તેને ચંદા નામની યુવતી સાથે સંબંધ હોવાનું અને તેની સાથે લગ્ન કરવાનું જણાવી તેની પત્નીને બેફામ ગાળો બોલી મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપતા મહિલા પિયર કુડોલ ખાતે બંને પુત્રો સાથે રહેવા આવી ગઈ હતી અને સામાજીક રીતે સમાધાનના પ્રયત્નો કરવા છતાં પ્રેમમાં અંધ બનેલ પીએસઆઈ નહીં સુધરતાં અને સાસરી પક્ષના લોકો પણ પીએસઆઈ ને સપોર્ટ કરતા અને સમીર પરમારની પ્રેમિકા ચંદાએ પણ ધાકધમકી આપતા આખરે મહીલાએ પોલીસ શરણ લેવાની ફરજ પડી હતી

અરવલ્લી મહિલા પોલીસ મથકમાં પીએસઆઈની પત્ની ધર્મિષ્ઠા બેને પીએસઆઈ પતિ સમીરભાઈ છગનભાઈ,સસરા છગનભાઈ દલાભાઈ,સાસુ અંબાબેન,કાકાજી દિનેશભાઈ અને પુરષોતમ ભાઈ તેમજ અન્ય સ્ત્રી ચંદાબેન સામે ઈપીકો ૪૯૮છ,૩૨૩,૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે તાપસનો ધમધમાટ શરૂ કર્યો છે

### પાલનપુર ખાતે મહારાણા પ્રતાપની મૂર્તિને પુષ્પાંજલિ

પાલનપુર તા. ૨૨

હિંદુસુરજ હિન્દૂ સમ્રાટ વીર શિરોમણી માતૃભૂમિ માટે પોતાના



પ્રાણનું બલિદાન આપનાર મેવાડ રત્ન મહારાણા પ્રતાપ સિંહજીની આજ રોજ પુણ્ય તિથિ હોઈ પાલનપુર કોજી વિસ્તારમાં આવેલ મહારાણા પ્રતાપ ચોક માં તેઓના સ્ટેચ્યું ને મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ સ્થાપના સમિતિ બનાસકાંઠા પાલનપુર દ્વારા ફુલહાર કરી મહારાણા પ્રતાપ અમર રહો, ભારત માતાકી જય, ના નારા સાથે પુણ્યતિથિ ની કોરોના ગાઈડ લાઈન નું પાલન કરી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે યુવા અગ્રણી જસવંત સિંહ વાઘેલા, વિક્રમસિંહ રાજપૂત, ભરતસિંહ સોલંકી, ભૂપતસિંહ વરવાડિયા ,રાજેન્દ્ર સિંહ બારડ,કિરીતસિંહ ચાવડા, દિનેશભાઈ જોશી, વિજય જાદવ મનોજભાઈ ત્રિવેદી હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# બનાસકાંઠામાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરનાર વેપારીઓને બે વર્ષમાં રૂપિયા ૧ કરોડ ૪૧ લાખ જેટલો દંડ

પાલનપુર તા. ૨૨

છેલ્લા બે વર્ષમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ૧૩૨ જેટલા કેસ કરવામાં આવ્યા છે. જે ખાદ્યપદાર્થોના માનક લેબોરેટરી તપાસમાં ચેકીંગ દરમ્યાન અખાદ્ય નીકળ્યા છે. જેથી બનાસકાંઠા જિલ્લાના અધિક નિવાસી કલેકટર દ્વારા છેલ્લા બે વર્ષમાં ભેળસેળ કરતા વેપારીઓને રૂપિયા ૧ કરોડ ૪૧ લાખ જેટલો દંડ ફટકારવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોટાપાયે ભેળસેળયુક્ત ખાદ્ય ચીજોવસ્તુઓનું વેચાણ થાય છે. જે બાબતની સાબિત છેકે છેલ્લા બે વર્ષમાં જે ખાદ્યપદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા. તેમાં ભેળસેળ બહાર આવી અને રૂપિયા ૧ કરોડ ૪૧ લાખ જેટલો માતબર દંડ તંત્ર દ્વારા ફટકારવામાં આવ્યો. બનાસકાંઠા જિલ્લો મોટી ગ્રામીણ વસ્તી ધરાવે છે. તેમજ આ વિસ્તારમાં જે ખાદ્યપદાર્થોનું ઉત્પાદન થાય છે. તેનું વેચાણ રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારોમાં પણ થાય છે. જિલ્લામાં બનતા ખાદ્ય પદાર્થોમાં મોટાપાયે ભેળસેળની બાબતો વારંવાર સામે આવતી હોય છે. જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વારંવાર તપાસ કરવામાં આવે છે. જે તપાસ દરમ્યાન લેવામાં આવતા સેમ્પલ લેબોરેટરી ચકાસણી દરમ્યાન ફેલ થાય છે. છેલ્લા બે વર્ષમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ૧૩૨ જેટલા કેસ કરવામાં આવ્યા છે. જે ખાદ્યપદાર્થોના માનક લેબોરેટરી તપાસમાં ચેકીંગ દરમ્યાન અખાદ્ય નીકળ્યા છે. જેથી બનાસકાંઠા જિલ્લાના અધિક નિવાસી કલેકટર દ્વારા છેલ્લા બે વર્ષમાં ભેળસેળ કરતા વેપારીઓને રૂપિયા ૧ કરોડ ૪૧ લાખ જેટલો દંડ ફટકારવામાં આવ્યો છે. જે પણ વેપારીઓ દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવામાં આવે છે. તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવતા વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપ્યો છે.આ અંને અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી



પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લામાં મસાલા, તેલ અને ઘી જેવા ખાદ્યપદાર્થોમાં મોટાપાયે ભેળસેળ થાય છે. જે તપાસ દરમ્યાન થયેલી કાર્યવાહી અને તે બાદ કરેલી દંડાત્મક કાર્યવાહી થી સાબિત થાય છે. વર્ષ ૨૦૨૦માં કુલ ૫૯ કેસમાં રૂપિયા ૫૬.૭૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો. જ્યારે વર્ષ ૨૦૨૧ માં કુલ ૭૮ કેસમાં રૂપિયા ૮૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો. જીલ્લામાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના વેચાણ મામલે તંત્રે કડક વલણ અપનાવ્યું છે. જે અંગે અધિક નિવાસી કલેકટરે એ. ટી. પટેલ જણાવ્યું હતું કે ફૂડ વિભાગની તપાસ દરમિયાન લેવામાં આવેલા સેમ્પલમાં ભેળસેળ સાબિત થતાં દંડની કાર્યવાહી કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં જે પણ ખાદ્ય ચીજો ઉત્પાદન થાય છે તેમાં પણ મરી મસાલા, ઘી અને તેલમાં સૌથી વધારે ભેળસેળની બાબતો સામે આવતી હોય છે.

## જન્મદિને વધામણી



પ્રજાપતિ સતિષભાઇ હરજીવનદાસ ગાંભોઇ તા. હિંમતનગર



હિતેશ પટેલ બિલ્ડર્સ હિંમતનગર



સૌમિલ પ્રજાપતિ બાયડ જીલ્લો અરવલ્લી



કુણાલ પટેલ રડોદરા તા બાયડ

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન